(30)

**પ્ર.૧ (અ) નીચેના પાઠની પૂર્તિ કરો. (કોઈપણ પાંચ) (૧૦)**

૧. અભિનિવેશિક મિથ્યાત્વ **સાંશયિક મિથ્યાત્વ અણાભોગ મિથ્યાત્વ લૌકિક મિથ્યાત્વ લોકોત્તર મિથ્યાત્વ** કુપ્રાવચન મિથ્યાત્વ

૨. ન ફાસિયં **ન પાલિયં ન તીરિયં ન કિટ્ટિયં ન સોહિયં** ન આરાહિયં

૩. પંચહિં કિરિયાહિં **કાઈયાએ અહિગરણિયાએ પાઉસિયાએ પારિતાવણિયાએ** પાણાઈવાય

૪. વાયણા **પુચ્છણા પરિયટ્ટણા ધમ્મકહા ધમ્મસ્સણં ઝાણસ્સ** ચત્તારિ

૫. અપ્પમજ્જિય **દુપ્પમજ્જિય સિજ્જા સંથાએણં અપ્પડિલેહિય દુપ્પડિલેહિય ઉચ્ચાર પાસવણ ભૂમિ અપ્પ–મજ્જિય દુપ્પમજ્જિય** ઉચ્ચાર પાસવણ ભૂમિ

૬. ક્ષાયિક સમકિત **શુક્લધ્યાન શુક્લલેશ્યા શુભધ્યાન શુભજોગ** સહિત છે

૭. ધિજ્જં **વિસાસિયં સમયં અણુમયં બહુમયં** ભંડ કરંડગ

**(આ) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો. (કોઈપણ છ) (૬)**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| ૧. પૌષધવ્રત | **પોષવાનું વ્રત** | ૨. છવિચ્છેએ | **નાક, કાન આદિ અવયવો છેદ્યા હોય** |
| ૩. સિક્ખાવયાણં | **શિક્ષાવ્રત** | ૪. નિમ્મલયરા | **વિશેષ નિર્મળ** |
| ૫. જાણી પ્રીછી | **જાણીને, ઓળખ્યા છતાંય** | ૬. માહુરય વિહિં | **મધુરા ફળની જાત, માપની મર્યાદા** |
| ૭. પુચ્છણા | **પૂછવું** | ૮. પરપાસંડ | **બીજા પાખંડી મતના** |

**(ઇ) નીચેના શબ્દોના મૂળ પાઠ (માગધી શબ્દ) લખો. (કોઈપણ છ) (૬)**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| ૧. મોટું જૂઠું બોલવાથી | **થૂલાઓ મુસાવાયાઓ** | ૨. શ્રમણોપાસક–શ્રાવકને | **સમણોવાસએણં** |
| ૩. એક જોગે | **એગવિહેણં** | ૪. દાન આપી અહંકાર કર્યો હોય | **મચ્છરિયાએ** |
| ૫. સૂત્ર–સિદ્ધાંત | **આગમે** | ૬. કઠોળની જાત, માપની મર્યાદા | **સૂપવિહિં** |
| ૭. અંત રહિત | **મણંતં** | ૮. માઠું ધ્યાન ધરવાથી | **અવજ્ઝાણાચરિયં** |

**(ઈ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (કોઈપણ આઠ) (૮)**

૧. દર્શન એટલે શું?

**જ. દર્શન એટલે નવ તત્ત્વ પર શ્રદ્ધા રાખવી અથવા વસ્તુનો સામાન્ય બોધ.**

૨. સર્વ કાળની આશાતના શબ્દનો અર્થ શું છે?

**જ. સર્વ કાળની આશાતના–ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાનકાળ, એમ ૩ કાળની બધી આશાતાનાઓ.**

૩. અનર્થદંડ કેટલા પ્રકારના છે? કયા કયા?

**જ. અનર્થદંડના ચાર પ્રકાર છે–અવજ્ઝાણાચરિયં, પમાયાચરિયં, હિંસપ્પયાણં, પાવકમ્મોવએસં.**

૪. લોગસ્સ દ્વારા ભગવાન પાસે શું માંગવામાં આવે છે? અર્થ લખો.

**જ. લોગસ્સ દ્વારા ભગવાન પાસે આરોગ્ય–આત્મિક શાંતિ, બોધિલાભ–સમકિત, શ્રેષ્ઠ સમાધિભાવ આ ૩ વસ્તુ માંગવામાં આવે છે.**

૫. શ્રાવક કોને કહે છે?

**જ. જે કેવળી પ્રરૂપિત ધર્મનું શ્રવણ કરે અને શક્તિ પ્રમાણે આચરણ કરે. શ્રદ્ધાપૂર્વક વિનય–વિવેક સાચવીને જે ક્રિયા કરે તે શ્રાવક.**

૬. અતિચાર અને અનાચારમાં શું ફરક છે?

**જ. અતિક્રમ–લીધેલા વ્રતને તોડવાની ઈચ્છા કરવી. અનાચાર–વ્રતનો સર્વથા ભંગ થવો.**

૭. કર્માદાન કોને કહે છે?

**જ. જે ધંધા અને કાર્યોમાં વિશેષ હિંસા આદિ કારણોથી કર્મોનો વિશેષ બંધ થાય છે.**

૮. અપાઢિયારી વસ્તુ એટલે શું? તે કેટલી છે?

**જ. જે વસ્તુઓને સાધુ–સાધ્વી વહોરી લીધા પછી પાછી આપતા નથી તે અપાઢિયારી વસ્તુ. તે આઠ છે.**

૯. પ્રતિક્રમણ શેનું કરવામાં આવે છે?

**જ. પ્રતિક્રમણ મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને અશુભયોગનું કરવામાં આવે છે.**

૧૦. દેવ–ગુરુને વંદન કેટલીવાર થાય? વંદના કરવાનું ફળ કોને મળ્યું?

**જ. દેવ–ગુરુને વંદન ત્રણવાર થાય. વંદના કરવાનું ફળ કૃષ્ણ વાસુદેવને મળ્યું.**

(૩૦)

**પ્ર.૨ તત્ત્વ/સંસ્કાર વિભાગના આધારે....**

**(અ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

૧. સાધારણ વનસ્પતિ એટલે શું?

**જ. જે વનસ્પતિમાં એક શરીરે અનંતા જીવ હોય તે સાધારણ વનસ્પતિ.**

૨. મુહપત્તિ પહેરવાથી થતા કોઈપણ બે લાભ લખો.

**જ. મુહપત્તિ પહેરવાથી થતા કોઈપણ બે લાભ – ૧) તેનાથી વાયુકાયના જીવોની રક્ષા થાય છે. ૨) બીજા ત્રસ જીવો આવીને મુખમાં પડતા નથી. ૩) તે જૈનધર્મનું ચિહ્ન છે. ૪) બોલવામાં વિવેક સચવાય છે.**

૩. ૩૫ બોલમાં સત્તરમો બોલ લખો.

**જ. સત્તરમે બોલે લેશ્યા છ–કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા, કાપોત લેશ્યા, તેજો લેશ્યા, પદ્મ લેશ્યા, શુક્લ લેશ્યા.**

૪. આયંબિલની ઓળી કઈ તિથિએ આવે છે?

**જ. આયંબિલની ઓળી ચૈત્ર સુદ સાતમથી પૂનમ, આસો સુદ સાતમથી પૂનમ.**

૫. અભિગમ કેટલા? કયા કયા?

**જ. અભિગમ પાંચ–સચેતનો ત્યાગ, અચેતનો વિવેક, અંજલિકરણ, ઉત્તરાસંગ, મનની એકાગ્રતા.**

૬. પાંચમા અને દશમા સતીના નામ લખો.

**જ. પાંચમા સતી દ્રૌપદી અને દશમા સતી દમયંતી.**

૭. પંચેન્દ્રિય કોને કહેવાય છે?

**જ. જેને સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુઈન્દ્રિય, શ્રોત્રેન્દ્રિય આ પાંચ ઈન્દ્રિયો હોય.**

૮. સમવાય કેટલામો બોલ છે? તેના નામ લખો.

**જ. સમવાય તેત્રીસમો બોલ છે. કાળ, સ્વભાવ, નિયતિ, કર્મ (પૂર્વકૃત), પુરુષાર્થ–પુરુષાકાર (ઉદ્યમ).**

૯. જ્ઞાનવૃદ્ધિનો પાંચમો બોલ લખો.

**જ. જ્ઞાનવૃદ્ધિનો પાંચમો બોલ–જ્ઞાની પાસે અભ્યાસ કરવાથી જ્ઞાન વધે છે.**

૧૦. ટી.વી. જોવાના શારીરિક નુકશાન લખો.

**જ. ટી.વી. જોવાના શારીરિક નુકશાન–આંખને ચશ્મા આવવાથી આંખનું કેન્સર સુધીના અનેક રોગો થાય છે. શરીર પર તેના કિરણોની અસર થવાથી કેન્સર પણ થાય છે.**

**(આ) ખાલી જગ્યા પૂરો.** **(૧૦)**

| | **જવાબ** |
|---|---|
| ૧. અક્ષર બળવાથી ...... કર્મ બંધાય છે. | **જ્ઞાનાવરણીય** |
| ૨. વસ્તુના વિશિષ્ટ સ્પષ્ટીકરણને ...... કહેવાય છે. | **અનુયોગ** |
| ૩. ચાંચડને ...... ઈન્દ્રિય હોય છે. | **ત્રણ** |
| ૪. જેનાથી ...... વધે તેને કષાય કહેવાય છે. | **સંસાર** |
| ૫. ગૌતમ જેવો ...... ક્યારે કરીશ? | **વિનય** |
| ૬. સાધુ સંત ઘરે ગોચરી માટે પધારે ત્યારે ...... કહીશ. | **પધારો** |

૭. સમયને ઓળખે તેને ...... કહેવાય. **ડાહ્યો**

૮. ...... વિચારણાની પદ્ધતિને દૃષ્ટિ કહેવાય. **તત્ત્વ**

૯. પાંચમા કર્મનું નામ ...... છે. **આયુષ્ય**

૧૦. દ્રવ્ય થકી ...... અને પાંચે આસ્રવ સેવવાના પચ્ચક્ખાણ. **૧૮ પાપ**

**(ઇ) નીચેના વાક્યો સાચા છે કે ખોટા? ખોટા હોય તે સુધારીને લખો. (૫)**

| | જવાબ |
|---|---|
| ૧. સિદ્ધ ભગવાનના ગુણ ૧૨ છે. | **ખોટું, સિદ્ધ ભગવાનના ગુણ ૮ છે.** |
| ૨. ઊંઘ ઘટાડી અભ્યાસ કરવાથી જ્ઞાન ઘટે છે. | **ખોટું, ઊંઘ ઘટાડી અભ્યાસ કરવાથી જ્ઞાન વધે છે.** |
| ૩. દેવના કુલ ભેદ ૧૯૮ છે. | **સાચું.** |
| ૪. નમ્રતા રાખી હું માયાનો નાશ કરીશ. | **ખોટું, સરળતા રાખી હું માયાનો નાશ કરીશ. નમ્રતા રાખી હું માનનો નાશ કરીશ.** |
| ૫. પાન નહિ ખાવાથી વનસ્પતિકાયની દયા પળાય છે. | **સાચું.** |

**(ઈ) જોડકા જોડો. (૫)**

| (અ) | (બ) | જવાબ |
|---|---|---|
| ૧. નામ | ૧. રસ | **૩. નિક્ષેપા** |
| ૨. શાંત | ૨. રાશિ | **૧. રસ** |
| ૩. જીવ | ૩. નિક્ષેપા | **૨. રાશિ** |
| ૪. પ્રમાણ | ૪. દર્શન | **૫. આગમ** |
| ૫. આત્મા | ૫. આગમ | **૪. દર્શન** |

**(૨૬)**

**પ્ર.૩ (અ) વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (કોઇપણ દશ) (૧૦)**

૧. ચંદનબાળા કેટલા સાધ્વીઓના ગુરુ બન્યા?

**જ. ચંદનબાળા ૩૬૦૦૦ સાધ્વીઓના ગુરુ બન્યા.**

૨. રોહિણેય ચોરે પોતાના પિતાને શું વચન આપ્યું હતું?

**જ. રોહિણેય પોતે મહાવીર પ્રભુની વાણી કદી પણ નહિ સાંભળે.**

૩. નંદીષેણ મુનિ કોની સેવા કરતા હતા?

**જ. નંદીષેણ મુનિ ઘરડાં, અપંગ અને રોગિષ્ઠ મુનિઓની સેવા કરતા હતા.**

૪. આનંદ શ્રાવકે કેટલા વર્ષ શ્રાવકધર્મની આરાધના કરી?

**જ. આનંદ શ્રાવકે ૨૦ વર્ષ શ્રાવકધર્મની આરાધના કરી.**

૫. ધર્મરુચિનો આત્મા હાલ ક્યાં છે?

**જ. ધર્મરુચિનો આત્મા હાલ મોક્ષમાં છે.**

૬. ગજસુકુમારના વિવાહ કોણે કોની સાથે નક્કી કર્યા હતા?

**જ. ગજસુકુમારના વિવાહ કૃષ્ણ વાસુદેવે સોમા સાથે નક્કી કર્યા હતા**

૭. દેવે વર્ધમાનને હરાવવા શું કર્યું?

**જ. દેવે વર્ધમાનને હરાવવા માટે નવો દાવ અજમાવ્યો. તે એક બાળકનું રૂપ બનાવીને બધા સાથે રમવા માટે આવ્યો.**

૮. નેમનાથ ભગવાનના માતા–પિતા–ભાઈનું નામ લખો.

**જ. નેમનાથ ભગવાનના માતા–શિવાદેવી, પિતા–સમુદ્રવિજય, ભાઈ–રહનેમિ હતા.**

૯. ધન્ના મૃત્યુ પામીને ક્યાં ગયા?

**જ. ધન્ના મૃત્યુ પામીને સર્વાર્થસિદ્ધ વિમાનમાં ગયા.**

૧૦. માતાએ બાળકને ધર્મ વિશે પૂછ્યું તો શું જવાબ મળ્યો?
**જ. જે વસ્તુ જાણું છું તે નથી જાણતો અને જે નથી જાણતો તે જાણું છું.**
૧૧. મેઘરથ રાજા મરીને ક્યાં ગયા?
**જ. મેઘરથ રાજા મરીને સર્વાર્થસિદ્ધ વિમાનમાં ગયા.**
૧૨. અમરકુમાર કયા કારણથી ઈતિહાસમાં અમર થઈ ગયા?
**જ. અમરકુમાર દૃઢતા અને શ્રદ્ધાના કારણે ઈતિહાસમાં અમર થઈ ગયા.**

**(આ) નીચેના વાક્યો કોણ બોલે છે અને કોને કહે છે? (કોઇપણ દશ) (૧૦)**

| | જવાબ |
|---|---|
| ૧. આના કરતા તો તમારા માટે મૃત્યુ શ્રેષ્ઠ છે. | **રાજેમતી સાધ્વી રહનેમિને કહે છે.** |
| ૨. આ રોગી મુનિને કેટલું કષ્ટ થતું હશે? | **નંદીષેણ મુનિ મનમાં ચિંતન કરે છે.** |
| ૩. ઓહ ! હું કેવી અભાગી? | **ચંદનબાળા મનમાં વિચાર કરે છે.** |
| ૪. આ તો ઘોર હિંસા છે. | **પાર્શ્વકુમાર તાપસને કહે છે.** |
| ૫. અતિમુક્ત મુનિ આ ભવમાં મોક્ષમાં જવાના છે. | **ભગવાન મહાવીર સાધુઓને કહે છે.** |
| ૬. આપણો અમરિયો છે ને તેને આપી દઈએ. | **અમરકુમારની માતા ઋષભદત્તને કહે છે.** |
| ૭. તું પણ અમૃતનો દરિયો છે. | **ભગવાન મહાવીર ચંડકૌશિકને કહે છે.** |
| ૮. આને આપણી દીકરી ગણીને રાખજે. | **ધનાવહ શેઠ મૂળા શેઠાણીને કહે છે.** |
| ૯. કબૂતરને છોડી દો, આ મારો ખોરાક છે. | **બાજ પક્ષી મેઘરથ રાજાને કહે છે.** |
| ૧૦. તો પિતાને આપેલું વચન તૂટી જશે. | **રોહિણેય ચોર મનમાં વિચાર કરે છે.** |
| ૧૧. મેં અત્યારે જ તમને બધાને ત્યાગી દીધા. | **ધન્ના પોતાની પત્ની સુભદ્રાને કહે છે.** |
| ૧૨. આટલો આહાર મને પૂરતો છે. | **ધર્મરૂચિ અણગાર મનમાં વિચાર કરે છે.** |

**(ઇ) વાર્તાના આધારે બોધપાઠ લખો. (કોઇપણ ત્રણ) (૬)**

૧. આનંદ શ્રાવક ૨. નેમ–રાજુલ ૩. શાલિભદ્ર ૪. ચંદનબળા ૫. અમરકુમાર ૬. મેઘરથ રાજા
**જ. Home Work.**

(૧૪)

**પ્ર.૪ નીચેના કાવ્યની પૂર્તિ કરો. (કોઇપણ સાત)**

૧. જીવડા **જીવનું જતન કરજો, ઓળખજે આચાર, દોહાલી વેળાએ જાણજે, ધર્મ સખાયો થાય,**
**ધર્મ વાડીએ ન નીપજે, ધર્મ હાટે ન વેંચાય, ધર્મ વિવેકે નીપજે જો કરીએ** તો થાય.

૨. માર્ગ ભૂલેલા **જીવન પથિકને માર્ગ ચીંધવા ઊભો રહું,**
**કરે ઉપેક્ષા એ મારગની , તો યે સમતા ચિત્ત ધરું.**
**ચંદ્રપ્રભની ધર્મભાવના, હૈયે સહુ માનવ લાવે,**
**વેરઝેરના પાપ તજીને, મંગલ ગીતો** એ ગાવે.

૩. સંતોએ **સમજાવ્યા, ઈશ્વરના આદેશો,**
**ઉદ્ધાર કરે એવા, મને આપ્યા ઉપદેશો,**
**એના મોંઘા વચનોની, હું હાંસી ઉડાવું છું,**
**મને વિદ્યા દેનારા, ગુરૂને મેં** શું આપ્યું.

૪. આંધી આવે **તુફાન આવે, મારું તો તુજમાં ધ્યાન છે,**
**જ્યાં લઈ જાય ત્યાં જાવું મારે, તું મારું નિશાન છે,**
**મોક્ષ અભિલાષી આ જીવડો, વિનવે તુજને આજ રે,**
**શરણે આવ્યા તારા અમે સહુ, તારામાં** વિશ્વાસ છે.

૫. અરિહંતો જિનેશ્વર જે, જીતીને રાગ દ્વેષોને,
વર્યા છે જ્ઞાન કેવળને, નમું છું ભાવથી તેને
વળી છે સિદ્ધ પરમાત્મા, કરીને ભસ્મ કર્મોને,
બિરાજે મુક્તિપદમાં જે.

૬. દેવ અમારા અરિહંતોને, ગુરુ અમારા નિર્ગ્રંથો,
ધર્મ દયા પ્રધાન છે, ભાઈ મહાવીરના સંતાન છે,
શ્રદ્ધા ભરી છે અંતરમાં, ને રંગ લાગ્યો છે રગરગમાં,
નવ તત્ત્વોનું જ્ઞાન છે.

૭. સુંદર નથી આ શરીર કે સમુદાય ગુણ તણો નથી
ઉત્તમ વિલાસ કળા તણો દેદિપ્યાન પ્રભા નથી,
પ્રભુતા નથી તો પણ પ્રભુ અભિમાનથી અક્કડ ફરું
ચોપાટ ચાર ગતિ તણી સંસારમાં ખેલ્યા કરું.

૮. શ્રી ભરતેશ્વરના, હુઆ પટોધર આઠ, આદિત્ય જશાદિક પહોંચ્યા શિવપુર વાટ,
શ્રી જિન અંતરના હુઆ, પાટ અસંખ્ય, મુનિ મુક્તે પહોંચ્યા, ટાળી કર્મના વંક.

૯. કરે કાળજાને કતલ પીડા કામની બિહામણી
એ વિષયમાં બની અંધ હું વિટંબણા પામ્યો ઘણી,
તે પણ પ્રકાશ્યું આજ લાવી લાજ આપ તણી કને
જાણો સહુ તેથી કહું કર માફ મારા વાંકને.

૧૦. દેહ મળ્યો છે ભવ તરવાને, ધર્મ કરીશું તેના સહારે,
ખાવાપીવાના શોખ ભૂલીશું, ફરવા જઈશું તો દ્વાર તમારે,
કષ્ટ દઈને તનને તપાવી, કચરો કરમનો અમે બાળવાના.

જય – જિનેન્દ્ર